**અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. B–17, નવરંગપુરા, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નંબર – ૩૯૯૬૭/૨૦૨૫**

**આંક........**

**<u>ફરીયાદીઃ–</u>** શ્રી સરકાર

વિરૂધ્ધ

**<u>આરોપીઃ–</u>** સુમનબેન હરીઓમનાથ યોગી

**ફરીયાદી તર્ફે** એ. પી. પી. શ્રી, **આરોપી તર્ફે વિ. વ. શ્રી** – એન.બી.વાઢેર

**ગુનોઃ–** બી.એન.એસની કલમ ૨૨૩ મુજબ

**–: ચુ કા દો :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન / લારી જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરૂપ રીતે ઉભી રાખી મે. કલેકટરશ્રીના જાહેરનામાંનો ભંગ કરી બી.એન.એસ. કલમ – ૨૨૩ મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે અને તે મુજબ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.
2. આરોપીને પ્રોસેસ કરતા હાજર થઈ પોતે ગુનો કબુલવા માંગે છે તેવી સ્વેચ્છાએ જાહેરાત કરતા આરોપીની ગુના કબુલાત પ્લી લીધેલ છે, જેમાં આરોપીએ તેમની વિરૂધ્ધનો ગુનો કબુલ કરેલ છે.
3. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક તેમજ સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

આ કામના આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ.ની કલમ–૨૨૩ મુજબના** ગુનામાં તકસીરવાન ઠરાવી **આરોપીને રૂપિયા ૧૦૦ અંકે રૂપિયા સો પુરાનો દંડ** અને જો **આરોપી દંડ ન ભરે તો દિન – 2 ની સાદી કેદની સજા** કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ ૧૩ ડિસેમ્બર સને ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.**

**તા. ૧૩/૧૨/૨૦૨૫**
**અમદાવાદ**

**( જે.એ.બક્ષી)**
**ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ**
**નવરંગપુરા, અમદાવાદ (ગ્રામ્ય)**
**જીજે૦૦૯૦૩**

**દંડ/પેનલ્ટી રૂપિયા <u>........................</u>**
**પહોચ નંબર...............થી વસુલ લીધા**

**તા:૧૩/૧૨/૨૦૨૫ સુપ્રિટેન્ડેન્ટ**